R.N.I. No. MAHBIL/2020/79181

ક.ઘ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

Since 1924...

સળંગ વર્ષ ૧૦૨મું

VOLUME : 07 • ISSUE : 01 • PAGES : 36 • MUMBAI • DATE : 5TH NOVEMBER 2026

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

HD Fire Protect Limited
Corporate HQ: D-6/2, Road No. 34,
Wagle Estate, Thane 400604, India
Tel: +(91) 22 35287000 Email: info@hdfire.com

HD FIRE PROTECT™
Protecting what matters most to you

90 COUNTRIES. 1 PROMISE.
PEACE OF MIND.

35 YEARS OF TRUST

With a customer-centric approach, extensive manufacturing capabilities, and a commitment to service excellence, you can rest easy knowing that we have got your back.

Distributed 90+ countries
Trusted by 2K+ clients
Global Certifications



www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation



MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

શુભ દિપાવલી – નૂતન વર્ષાભિનંદન



– CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150

આપ સૌને દિવાળીની હાર્દિક શુભકામનાઓ અને નૂતન વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ! પ્રારંભ થયેલું બિ.સ. ૨૦૮૩મું નૂતન વર્ષ સર્વે જ્ઞાતિજનોના જીવનમાં સુખ-શાંતિ-સમૃદ્ધિ-સંતોષનું સમનવ્યકારક બની રહે એવી અંતરની શુભકામનાઓ સહ નૂતન વર્ષાભિનંદન!

આજના સમયમાં ડિજિટલ છેતરપિંડી દિવસે ને દિવસે વધી રહી છે. આ ગુનેગારોની જાળમાંથી માત્ર થોડા નસીબદાર લોકો જ બચી શકે છે. સરકાર અખબારો અને ટેલિવિઝન દ્વારા વારંવાર જાહેરાતો કરીને લોકોને સમજાવે છે કે ડિજિટલ અરેસ્ટ જેવી કોઈ બાબત નથી. તેમ છતાં, લોકો આ ગુનેગારોની જાળમાં ફસાઈ રહ્યા છે. તાજેતરમાં એક સરકારી અધિકારી પણ આવી છેતરપિંડીનો ભોગ બન્યા હોવાના સમાચાર આવ્યા છે.

આપણે ઘણી વાર વાંચ્યું છે કે આવી છેતરપિંડીથી પોતાને કેવી રીતે બચાવી શકાય. પરંતુ જે લોકો પહેલેથી જ આ છેતરપિંડીનો ભોગ બની ચૂક્યા છે, તેમણે શું કરવું જોઈએ?

જો તમારું વોટ્સએપ એકાઉન્ટ હેક થઈ જાય તો શું કરવું?

અન્ય કોઈ મોબાઇલ નંબર પરથી તમારા પરિવારજનો અને મિત્રો સુધી તાત્કાલિક જાણ કરો. તમારું એકાઉન્ટ હેક થઈ ગયું છે તે સૌને સૂચિત કરો અને તમારા વોટ્સએપ નંબર પરથી આવતા સંદેશાઓને તમારા તરફથી આગળની સૂચના ન મળે ત્યાં સુધી અવગણવા જણાવો.

તમારા વોટ્સએપ એકાઉન્ટ પરથી મોકલવામાં આવતી કોઈપણ લિંક ખોલવી નહીં તેવી સ્પષ્ટ સૂચના આપો.

વોટ્સએપ દ્વારા નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કરીને તમારું એકાઉન્ટ ફરીથી સક્રિય કરવાનો પ્રયાસ કરો અને તમારા એકાઉન્ટનો કબજો પાછો મેળવો.

જો તમે ડિજિટલ છેતરપિંડીનો ભોગ બન્યા હો તો શું કરવું?

તમારા તમામ ઈમેઇલ એકાઉન્ટના પાસવર્ડ તાત્કાલિક બદલો. તમારા બેંક ખાતા અને ક્રેડિટ કાર્ડ સાથે સંકળાયેલા પાસવર્ડ બદલો, જેથી વધુ નુકસાન થતું અટકાવી શકાય.

જો તમારા ખાતામાંથી પૈસા ઉપડી ગયા હોય અથવા ટ્રાન્સફર થયા હોય, તો વધુ નાણાં ટ્રાન્સફર થતાં અટકાવવા તાત્કાલિક પગલાં લો.

રાષ્ટ્રીય સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર તાત્કાલિક ફોન કરો. થયેલા વ્યવહારની તમામ વિગતો આપો અને ટ્રાન્સફર થયેલાં નાણાંને ફ્રીઝ અથવા હોલ્ડ કરવા માટે મદદ માગો. તમારી બેંકના સત્તાવાર ફ્રોડ હેલ્પલાઇન નંબર પર પણ તાત્કાલિક જાણ કરો.

અસરગ્રસ્ત બેંક ખાતું, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, ઇન્ટરનેટ બેન્કિંગ અને સુવિધા વગેરેને જરૂરિયાત મુજબ તાત્કાલિક બ્લોક કરાવો.

સાયબર ક્રાઇમ શાખામાં તમામ સંબંધિત દસ્તાવેજો અને વ્યવહારની વિગતો સાથે લેખિત

આદ્યતંત્રીઓ

''પ્રકાશ''

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

''સમીક્ષા''

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

''પ્રકાશ સમીક્ષા''

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

તંત્રી : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

સહતંત્રી : શિલ્પાબેન અજાણી

ટ્રસ્ટ રજી. નં : F - 69260

પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

અન્ય ટ્રસ્ટીઓ

કેશરસિંહ આણંદજી ખોના — કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા

તિલકચંદ કુંવરજી લોડાયા — ઍડ. શૈલેશ સનત્ શાહ

શિલ્પાબેન અજાણી — કિરીટ ખેતસી શાહ

ઍડ. કેતન મધુકાંત લોડાયા — જયંત વિશનજી છેડા

સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

વૉલ્યુમ : ૦૭, અંક : ૦૧, તા. ૦૫-૧૧-૨૦૨૫

: કાર્યાલય :

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

PRAKASH SAMIKSHA

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

: જાહેરાત સંપર્ક :

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**

વિશેષ નોંધ : પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

ફરિયાદ નોંધાવો.

સૌથી મહત્ત્વની વાત

ડિજિટલ છેતરપિંડીનો ભોગ બન્યા પછી ગભરાશો નહીં, પરંતુ સમય બગાડ્યા વિના તાત્કાલિક પગલાં લો. જેટલી વહેલી ફરિયાદ નોંધાવશો, તેટલી વધુ નાણાકીય નુકસાની અટકાવવાની અને નાણાં પાછાં મેળવવાની શક્યતા રહેશે.

આપણે સૌએ જાગૃત રહેવું જોઈએ અને આવી માહિતી આપણા પરિવારજનો, મિત્રો તથા સમાજના અન્ય સભ્યો સુધી પહોંચાડવી જોઈએ.

સાવધાન રહો, જાગૃત રહો અને બીજાને પણ જાગૃત કરો!

ફરી એકવાર આપ સૌને દિવાળીની હાર્દિક શુભકામનાઓ અને નૂતન વર્ષની શુભેચ્છાઓ!

પ્રતિભાવ

તા. ૨૦.૧૦.૨૦૨૬ના અંકનો તંત્રી લેખ વાચી ને આનંદ થયો. પણ આપણા દેશનું દુર્ભાગ્ય છે કે લગભગ બધી બ્રાન્ડમાં મોટા પાયે નકલ થાય છે. અસલી અને નકલી માલનો રેશિયો બહુજ મોટો છે.

Bisleri, Lux સાબુ થી કરી લગભગ બધો માલ નકલી બને છે, એમાં રીશ્વતખોરી જવાબદાર છે. પણ દુર્ભાગ્ય એ જ પૈસો ધર્મમાં મોટાભાગે આવે છે. આજ કારણ છે આપણે કોઈ વર્લ્ડ ક્લાસ બ્રાન્ડ નથી બનાવી શક્યા.

- નરેન્દ્ર લખમશી નાગડા-નલીયા (મુલુંડ)

મો.:૯૩૨૦૪ ૩૩૬૬૯

'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



કચ્છ દર્શન



ભાગ : ૭૩

લેખક : સોમ ઘરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭



(ગતાંકથી ચાલુ)

આ લેખ લખવા બેઠો છું ત્યારે ભારતભરમાં વિજ્યાદશમીનો તહેવાર ઉજવાઈ ગયો હશે. આ તહેવાર અસત્ય પર સત્ય અને પાપ પર પુણ્યના વિજયનું પ્રતિક છે.

પૂર્વ અને દક્ષિણ ભારતમાં આ દિવસ દુર્ગા દ્વારા મહિષાસુર રાક્ષસનાં વધ અને દુર્ગા પુજાના સમાપન તરીકે પણ ઉજવાય છે. ગુજરાતમાં નવરાત્રીનાં નવ દિવસની ભક્તિ અને ગરબા બાદ દશેરાનાં દિવસે રાવણ દહન તેમજ શસ્ત્રપુજન કરવામાં આવે છે.

કર્ણાટક-મૈસુરમાં વિજ્યાદશમીના રાજા હાથી પર સવાર થઈ રાજધાનીમાં ફરતા, શસ્ત્રપુજન કરતા અને વિવિધ હરીફાઈઓની રમત રમાડતા.

પ્રથમ આપણે નીલપરમાં શ્રી ગ્રામ સ્વરાજ સંઘનાં રમેશ સંઘવી, હાલનાં સંચાલક શ્રીમતી મુક્તાબેન ભાવસાર, શ્રી નકુલ ભાવસાર અને ડૉ. રમઝાન હસણિયાની મહેમાનગતી માણવાની છે. આજની રાતનું રોકાણ પણ નીલપરની આદિવાસી શાળામાં છે. બપોરના જમણમાં જુવારનાં રોટલા, મીક્ષ કઠોળનું શાક, દાળ-ભાત અને મીઠી મધુરી છાસ પીરસવામાં આવી જે બધાએ હોંશે હોંશે આરોગી.

ભોજન બાદ એક કલાક રહી અહીંના એક વિશાળ હોલમાં સૌ ભેગા થયા જ્યાં અહીંના આદિવાસી બાળકોએ "પપેટ શો, ગરબારાસ તેમજ આઝાદીનું મહત્ત્વ સમજાવતું નાટક" પ્રસ્તુત કર્યું.

સાંજના સુર્યાસ્ત જોવા અહીંના કેટલાક બાળકો અમારા ગાઈડ બની પાસે આવેલ એક ટેકરી પર લઈ ગયા. જ્યાં સંધ્યારાણીએ આકાશમાં અવનવા રંગોની રંગોળી પુરી હતી. પાછા વળતાં ભોજનાલય પાસેથી પસાર થતાં લાકડાના ચુલા પર ચડેલ ખીચડીની સુગંધ આવતી હતી અને અમે ભોજનશાળામાં ગોઠવાયા.

રાત્રી કાર્યક્રમનો આનંદ માણી અતિથિગૃહમાં રાત વિતાવવા પહોંચી ગયા. કેટલાકે બહાર પથરાયેલ ખાટલા પર જ લંબાવ્યું અને આકાશ દર્શનની મોજ માણી આકાશમાં મૃગાશિષ, અભિજિત, કૃતિકા નક્ષત્ર જેને "સેવન સિસ્ટર્સ" તરીકે પણ ઓળખાય છે અને ધ્રુવનો તારો તો ખરો, તેનું નિરિક્ષણ કર્યું. અહીં મારા મિત્ર અને આ સંસ્થાની ઓળખાણ કરાવનાર ડૉ. રમઝાન હસણિયા વિશે બે શબ્દો ના લખું તો કૃતઘ્ન ગણાઈશ.

રમઝાનભાઈનો જન્મ મોટીખાખરમાં એક ગરીબ



જલેબી-ફાફડા-ચટણી-કચુંબર-તળેલા મરચાનો ઈતિહાસ



કુંભારને ત્યાં. માતા હવાબાઈ લોકોનાં વાસીદા કરે. ક્યારેક રમઝાનને સાથે લઈ જાય. એક વખત પાયદલગચ્છનાં પૂ. શ્રી ભુવનચંદ્ર મ.સા.નું ચાતુર્માસ મોટીખાખરનાં ઉપાશ્રયમાં હતું. પાસેના એક જૈન ઘરમાં હવાબાઈ વાસીદુ કરતા હતા. રમઝાનનાં કાન ઉપર મ.સા.ની વાણી સંભળાઈ. ઉત્સુકતાથી ઉપાશ્રયમાં સાંભળવા સરક્યો અને આજે તે જૈન, સ્વામિનારાયણ અને સામાન્ય વિષયો ઉપર પયુર્ષણ પર્વમાં વ્યાખ્યાન આપે છે. (ડૉ. રમઝાનની વધુ વિગતો પ્ર.સ.ના ૨૦-૪-૨૦૨૬ તેમજ યુ-ટ્યુબ પર મળશે. વિષયો લોગસ્સ સુત્ર, સંત મુજા સુરા, જંબુસ્વામીનો રાસ, આનંદઘનના સ્તવનો ઈત્યાદિ...)

ચાલો હવે જલેબી-ફાફડાનો ઈતિહાસ તપાસીયે :-

જલેબીનું મુળ નામ હતું ''જલેબીયા'' જલેબી સાઉથ એશિયામાં આપણે ભારતમાં બનાવીએ છે તેમ બનાવવામાં આવે છે અને ઉત્તર-મધ્ય ભારતમાં દુધમાં ઝબોળી ખાવામાં આવે છે. આફ્રિકન દેશોમાં એનું ખીરું જુદી રીતે બતાવવામાં આવે છે અને તળ્યા પછી મધ અને ગુલાબ-પાણીમાં ગરમ ગરમ બોળી પિરસવામાં આવે છે.

લગભગ દશમી સદીમાં જલેબીની શોધ થયેલી એવું અરેબીક પુસ્તક **''કીતાબ-અલ-તબીક''**માં જણાવેલ છે, જે **મુહમ્મદ બીન હસન અલ બગદાદી**ના પુસ્તકમાં જણાવેલ છે.

લગભગ ૧૩ થી ૧૫મી સદીમાં રાજવંશીય રસાલાઓ, વેપારીઓ તથા યાત્રિકો દ્વારા પ્રથમ ઉત્તર ભારતમાં રજુ થઈ. જલેબીને કેટલાક પ્રદેશોમાં ''ઈમરતી''નું સ્વરૂપ આપવામાં આવે છે.

જલેબી સાથે ફાફડા પીરસવાની શરૂઆત અમદાવાદમાં ગાંધી રોડ પર આવેલ ચંદ્રવિલાસ હોટેલમાં દશેરાના દિવસે શરૂ થઈ, જે તેની ગુજરાતી થાળી માટે પ્રખ્યાત હતી. પછી તો પપૈયાનું કચુંબર, જુદી-જુદી જાતનાં મરચાં જેમકે રેશમપટી, કાશ્મીરી, લવિંગીયા, જ્વાલા તળીને પીરસવામાં આવે છે. આવી ગયું ને મોઢામાં પાણી... ? બસ તો નાકાની ''ફરસાણની દુનિયા'' દુકાને પહોંચી જાવ...

સવારના તૈયાર થઈ અહીંથી અમે નડાબેટ તરફ રવાનાં થયા. આપણે અમૃતસર પાસે વાઘા બોર્ડર પર ન પહોંચી શકીયે તો કચ્છ આવીયે ત્યારે નડાબેટની મુલાકાત લેવી જરૂરી છે.

ભારતમાં હાલમાં જુદા જુદા ૧૭ શસ્ત્રદળો છે.

(૧) મુખ્ય સરક્ષણ દળ : (અ) ભારતીય લશ્કર, (બ) ભારતીય નૌકાદળ, (ક) ભારતીય વાયુસેના.

(૨) દરિયાકાંઠો અને વિશિષ્ટ દળો : (અ) ભારતીય કોસ્ટગાર્ડ, (બ) સ્પેશિયલ ફ્રન્ટીયર ફોર્સ.

(૩) કેન્દ્રીય સશસ્ત્ર પોલિસ દળ અને અર્ધ લશ્કરી દળો : બી.એસ.એફ., સી.આર.પી.એફ અને અન્ય ૭ દળો.

(૪) વિશિષ્ટ કમાન્ડો : પેરા એસ. એફ., માર્કોસ, ગરુડ કમાન્ડો, કોબ્રા.

નડાબેટ એ બી.એસ.એફ. દ્વારા સરહદ પર્યટનને વિકાસ આપવા માટે ''સીમા દર્શન પ્રોજેક્ટ'' સ્વરૂપે એક અદ્યતન પહેલ છે. નડાબેટ પ્રકૃતિનાં અદ્‌ભૂત સૌંદર્ય, સાંસ્કૃતિક ધરોહર અને વીર અનુભવોની ભૂમિ છે. નડાબેટમાં પ્રાચીન મંદિરો, ગુફાઓ, ઐતિહાસિક જંગલોનો સમુદ્ર સંગ્રહ છે.

નડાબેટ રાધનપુરથી ૭૫ કિ.મી. દુર સુવઈ ગામ પાસે આવેલું છે. પાલનપુર, ડીસા અને ભીલડી નજીકનાં રેલ્વે સ્ટેશનો છે.

યાત્રિકો માટે અહિંના અતિથિગૃહોમાં પ્રથમથી જ બુકિંગ કરાવી રાખેલ તેથી અરજણભાઈએ બસ તેના દરવાજા પાસે લાવી ઉભી રાખી. (સંપર્ક નંબર ૧૮૦૦-૨૭૪-૨૭૦૦ અથવા +૯૧ ૭૬૨૪૦૦૧૫૨૬)

બધા યાત્રિકો તાજા-માજા થઈ ભોજનશાળા તરફ વળ્યા જ્યાં થાળીમાં રોટલી, દાળ-ભાત, કચુંબર, છાસ પીવા મળી. કલાકનાં વિશ્રામ બાદ અમે બોર્ડર પર જવાના હોવાથી કેટલાક વામકુક્ષી કરવા તો કેટલાક ગપ્પા મારવા બેઠા.




વધુ આવતા અંકે...

વડીલોનું વિશ્વ

રોજિંદા જીવનમાં નાના સંકલ્પો, જીવનમાં મોટા બદલાવ

તિલકચંદ કે. લોડાયા-ચેન્નઈ
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



જીવનના આ તબક્કાને વધુ આનંદમય, સ્વસ્થ અને અર્થપૂર્ણ બનાવવા માટે મોટા પરિવર્તનોની જરૂર નથી. રોજિંદા જીવનમાં થતી નાની-નાની સારી બાબતો પણ આપણા મન અને જીવનમાં મોટો ફરક લાવી શકે છે.

ચાલો, કેટલીક સરળ ટેવો અપનાવીએ

દિવસની શરૂઆત કૃતજ્ઞતાથી કરીએ. સવારે ઊઠીને જીવનમાં જે મળ્યું છે તેના માટે મનમાં આભાર વ્યક્ત કરીએ અને આજનો દિવસ આનંદથી જીવવાનો સંકલ્પ કરીએ.

શરીરને સક્રિય રાખીએ. પોતાની ક્ષમતા અને સ્વાસ્થ્યને અનુરૂપ ચાલવું, હળવી કસરત કરવી કે યોગાભ્યાસ માટે થોડો સમય ફાળવીએ.

દરરોજ કંઈક નવું શીખીએ. પુસ્તકનાં થોડાં પાનાં વાંચીએ, નવી ટેક્નોલોજી સમજીએ, સંગીત માણીએ કે કોઈ નવા વિષય વિશે જાણીએ.

કોઈ એક વ્યક્તિ સાથે હૃદયપૂર્વક વાત કરીએ. મિત્રને ફોન કરીએ, પરિવારના સભ્યની વાત ધ્યાનથી સાંભળીએ અથવા કોઈ જૂના સંબંધને ફરી તાજો કરીએ.

પરિવારને પ્રેમ આપીએ, પરંતુ પોતાની સ્વતંત્રતા પણ જાળવીએ. બાળકોને જરૂરી સહકાર આપીએ, પણ તેમની દરેક બાબતમાં દખલ ન કરીએ. તેમને તેમની રીતે જીવવાની જગ્યા આપીએ અને પોતાને પણ પોતાની પસંદગી પ્રમાણે જીવવા દઈએ.

દરરોજ કોઈ એક નાનું સારું કામ કરીએ. કોઈની પ્રશંસા કરીએ, જરૂરિયાતમંદને મદદ કરીએ, કોઈને પ્રોત્સાહન આપીએ અથવા કોઈની વાત ધીરજથી સાંભળીએ.

મનદુઃખને લાંબું ન ખેંચીએ. નાની બાબતોને જતી કરીએ, જરૂર પડે ત્યાં ખુલ્લા દિલે વાત કરીએ અને માફ કરી શકાય ત્યાં માફ કરીએ. પરંતુ પોતાના આત્મસન્માન સાથે સમાધાન ન કરીએ.

પોતાના માટે પણ સમય કાઢીએ. મનગમતું સંગીત સાંભળીએ, બગીચામાં બેસીએ, પ્રકૃતિ માણીએ કે વર્ષોથી અધૂરો રહેલો શોખ ફરી શરૂ કરીએ.

સ્વાસ્થ્ય અને આર્થિક બાબતો પ્રત્યે જાગૃત રહીએ. દવાઓ અને આરોગ્યની જરૂરિયાતોનું ધ્યાન રાખીએ, ખર્ચનો હિસાબ રાખીએ અને શક્ય હોય ત્યાં સુધી આર્થિક નિર્ણયો સમજદારીપૂર્વક જાતે લઈએ.

દિવસના અંતે પોતાની સાથે થોડો સંવાદ કરીએ. આજે શું સારું કર્યું, શેમાંથી શીખ્યા અને કાલે શું વધુ સારું કરી શકીએ તે શાંતિથી વિચારીએ.

આ બધું એક જ દિવસથી શરૂ કરવાની જરૂર નથી. શરૂઆતમાં બે કે ત્રણ ટેવો અપનાવીએ અને ધીમે ધીમે તેને જીવનનો ભાગ બનાવીએ.

યાદ રાખીએ જીવનને સુંદર બનાવવા માટે દરરોજ કોઈ મોટું કામ કરવું જરૂરી નથી; નાની બાબતોને પ્રેમ, સમજણ અને જાગૃતિથી કરવી પૂરતી છે.

ચાલો, દરરોજ પોતાને એક પ્રશ્ન પૂછીએ

''આજે મેં મારા સ્વાસ્થ્ય માટે શું કર્યું? મારા મનની ખુશી માટે શું કર્યું? અને કોઈના જીવનમાં થોડો આનંદ ઉમેરવા માટે શું કર્યું?''

જો આ ત્રણ પ્રશ્નોના જવાબ આપણને સંતોષ આપે, તો સમજવું કે આપણે માત્ર દિવસ પસાર નથી કર્યો, પરંતુ જીવનને વધુ અર્થપૂર્ણ બનાવ્યું છે.

વડીલોનું વિશ્વ - જ્યાં દરેક દિવસ પોતાની સંભાળ લેવાની, સંબંધો સાચવવાની અને જીવનનો આનંદ માણવાની એક નવી તક છે.



પ્રકાશ સમીક્ષા આયોજીત કરી રહ્યું છે
Unique Fashion Show




(આ સ્પર્ધા નિઃશુલ્ક (free) છે)

આ પ્રતિયોગિતા ત્રણ કેટેગરીમાં હશે.


20 to 40 years, 40 to 60 years ,
61 years and above



આમાં બે રાઉન્ડમાં ઓનલાઈન વિડિઓ મોકલવાના રહેશે.
સ્પર્ધાની registration કરવાની
અંતિમ તારીખ છે ૩૦ મી નવેમ્બર.
તો ચાલો આજે જ QR Code ને
scan કરીએ અને નામ register કરીએ.
આ પ્રતિયોગિતા તદ્દન નિઃશુલ્ક (free) છે.
હજી સુધી તમે registration નથી કરાવ્યું?
કોઈ પણ query માટે મો.૯૮૬૯૨૮૯૩૪૫ પર સંપર્ક કરી શકો છો.









Unique Fashion Show

Last Date for Registration
30th November 2026
E-mail : kdoprakash@gmail.com
For any query please contact :
Maltiben Dharamshi-98692 89345

ડાયાબિટીસ અંગે સેમિનાર અને ફ્રી હેલ્થકેમ્પ

શેઠશ્રી નરશીનાથા મેડીકલ ટ્રસ્ટ અને અનંત ડાયગ્નોસ્ટીક દ્વારા ડાયાબીટીસ અંગે જાગૃતિ લાવવા સેમિનારનું તા. ૨૨.૧૧.૨૬ના સવારે ૧૧ કલાકે આયોજન કરવામાં આવ્યું છે જેમાં વક્તાઓ તરીકે હોમિયોપેથીક કન્સલટન્ટ ડૉ. અપર્ણા નાગડા અને ડાયેટીશીયન ધન્વી મૈશેરી માર્ગદર્શન આપશે.

ફ્રી હોમિયોપેથીક કન્સલટેશન અને ન્યુટ્રીશીયન કેમ્પ તા. ૨૯.૧૧.૨૬ના સવારે ૧૦ થી ૧૨ રાખવામાં આવેલ છે.

રજીસ્ટ્રેશન :

અનંત ડાયગ્નોસ્ટીક મો.: ૮૮૭૯૯૯૦૯૮૭.

જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ

લ્યુકેમિયા (બ્લડ કેન્સર), બ્રેઈન ટ્યુમર, હાથીપગો, મણકા (કમર)ની વ્યાધિસ સ્ત્રીરોગ, સોરાયસીસ જેવા અસાધ્ય રોગો ઉપર તિબેટીયન થેરાપીની સારવાર અસરકાર છે. સંસ્થા દ્વારા જટીલ અસાધ્ય રોગોની સારવાર માટે કેમ્પ તા. ૧૬.૧૧.૨૬ થી ૨૨.૧૧.૨૬, સવારે ૯ થી ૧૨ અને સાંજે ૪ થી ૭ દરમ્યાન ૨, ઈ-વીટા ઈમ્પ્રેસ, ૪૨૯, જી.ડી. આંબેકર માર્ગ, પરમાનંદ વાડીની પાસે, પરેલ વિલેજ, મુંબઈ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

વધુ માહિતી માટે હરખચંદ સાવલા-૯૮૬૯૦૬૪૦૦૦, પારૂલ ગડા-૯૮૩૩૦૨૧૫૦૫.

વનિતા વિશ્વ

દિવાળી એટલે?

- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com



પર્વાધિરાજ પર્યુષણ પૂર્ણ થયા. અને જતાં જતાં સૌના લાડલા , વિઘ્નહર્તા ગણેશ ભગવાનનું આગમન થયું અને ત્યારબાદ વિસર્જન થયું. પછા આવ્યા શ્રાદ્ધ. જેમાં આપણે આપણા પૂર્વજો ને યાદ કરીને તર્પણ કર્યું.

શ્રાદ્ધ પતે એટલે રુમઝુમ કરતી મા દુર્ગાના વિધ વિધ નવ રૂપો સાથે નવલી નવરાત્રી આવી. ક્યાંક પારંપારિક ગરબા ગવાયા તો ક્યાંક આધુનિક તાલે નવ દિવસ, મન મૂકીને ગરબે રમ્યા. દરેક પંડાલમાં બહોળી સંખ્યામાં, રોજ અલગ અલગ ડિઝાઈનર ડ્રેસ પહેરીને જે રીતે લોકો નાચે છે; ત્યારે સૌની Energy, Stamina જોવાલાયક હોય છે.

દશેરા પતે એટલે આ સન્નારીઓ, દિવાળીની તૈયારીમાં લાગી જાય છે. સૌથી પહેલા આવશે સાફ સફાઈ. પૂરા ઘરની અંદર બહારથી સફાઈ. જૂની વસ્તુઓ કાઢવી , નવુનવું રાચરચીલું વસાવવું એ પણ જાણે દિવાળીની સ્વાગત કરવાની એક પરંપરા હોય છે. દિવાળીમાં પારંપારિક નાસ્તા બનાવવા કરતા હવે ઓર્ડર આપીને મંગાવી લેવા એ ઘર - ઘરનો રિવાજ બની ગયો છે. આમ પણ આજની યુવા પેઢી Health Conscious વધારે હોવાથી ફક્ત પૂજા અથવા પોતાના કર્મચારીગણને બોનસ સાથે આપવા પૂરતી મીઠાઈ લેવાય છે. એક તરફ આ દિવાળીની તૈયારી ચાલી રહી હોય પરંતુ દેરાસરોમાં ધાર્મિક પરંપરા અનુસાર ભગવાન મહાવીર સ્વામીનું નિર્વાણ કલ્યાણક ઉજવાય છે. તે સાથે જ સાધુ, સાધ્વીજી, આચાર્ય ભગવંતોનો ચાતુર્માસ પૂર્ણ થવાના આરે હોય છે ત્યારે વિદાય સમારંભ વગેરેની તૈયારી પણ જોરદાર થઈ રહી હોય છે.

પર્યુષણ પર્વથી કાર્તિક પૂનમ સુધી ઘરની સ્ત્રીઓ જે રીતે આ બધું સંભાળે છે તે ખરેખર વંદનીય હોય છે.

આ સમય એટલે બાહ્ય સાફ સફાઈ તો કરીએ જ અથવા કરાવી લઈએ છીએ. પણ સાથે સાથે આંતરિક સાફસફાઈ એટલે કે આત્માની ઉન્નતિ માટે પ્રયત્ન કરવો પણ એટલો જ જરૂરી છે. ચાતુર્માસના ચાર મહિના સુધી સાધુ - સાધ્વીજી - આચાર્ય ભગવંતોના પ્રવચનો સાંભળ્યા. તપ, જપ, પ્રતિક્રમણ વગેરે ખૂબ કર્યા. પરંતુ શું ખરેખર આપણામાં કોઈ પરિવર્તન આવ્યું ખરું? દિવસનો અડધો, પોણો દિવસ દેરાસર, ઉપાશ્રયમાં વિતાવતી સાસુ અને સસરા ઘરે આવે એટલે દીકરા વહુઓ પર જોહુકમી કરે. એ બૈરાઓની પૂજા વખતે પડાપડી, પ્રવચનોમાં બીજાની જગ્યા પડાવીને પણ આગળની હરોળમાં બેસવાની લાહ્ય, જમણવારમાં ધક્કા મુક્કી, શું આ બધું શોભનીય છે? શાંતિ અને સમતા કેમ ન રાખી શકીએ? આપણે ક્યારે સુધરીશું?

અમને મુબારક, તમને મુબારક ,
સૌને ઝગમગ દિવાળી મુબારક.

Recipe



Sweet little hearts

Ingredients: one cup atta, ghee, one cup sooji, half cup dry coconut powder, half cup milk powder, one cup sugar, qurter cup dryfruits, one tablespoon cordmom powder.

Method: Take atta in a bowl, add ghee and make a soft dough. Rost sooji in a pan, add dry coconut powder then add milk powder and cool the mixture. Now add sugar, dryfruits and cordmom powder.

Roll the paratha and spread the mixture evenly on it and roll it and cut in to small pieces.

Brush it with ghee and bake for 20 minitues until golden crisp. Yummy little hearts are ready to serve.

Mamta Hitesh Momaya-Sanyra (Mehsana)
Mob. 81419 15065

દીકરો દીકરી

દીકરી વહાલનો દરિયો છે તો
દીકરો પ્રેમનો મહાસાગર છે,
દીકરી લાગણીનો સ્તોત્ર છે તો
દીકરો શક્તિનો સ્તંભ છે
દીકરી ઘરની લક્ષ્મી છે તો
દીકરો ઘરની ઢાલ છે,
દીકરી મીઠું સ્મિત છે તો
દીકરો મીઠી મુસ્કાન છે
દીકરી હૈયાની ધડકન છે તો
દીકરો આખેઆખું હૈયું છે,
દીકરી એ પ્રેમનો પવન છે,
જે ઘરને શીતળતા આપે,
દીકરો એ વિશ્વાસની છાંય છે,
જે દરેક વેળા સાથ નિભાવે
દીકરી એ ચાંદની જેવી
નરમાઈ લઈને આવે,
દીકરો એ સૂરજ જેવી
ઉર્જા લઈને પ્રકાશ ફેલાવે
દીકરી એ મમતાનો સ્પર્શ છે,
જે હૈયે શાંતિ ભરે,
દીકરો મજબૂત સ્તંભ છે,
મુશ્કેલીમાં ડરે નહીં ક્યારેય

દીકરી એ રંગોળી જેવું ઘર શણગારે,
દીકરો એ દીવા જેવો પ્રકાશ પાથરે
દીકરી પ્યારથી બોલાવતો અવાજ છે,
દીકરો મજબૂત આશાનો અહેસાસ છે
દીકરી એ માતા-પિતાનું ગૌરવ છે,
દીકરો એ એમનો અભિમાન છે
દીકરી એ સપનાઓને પાંખ આપે,
દીકરો એ સપનાઓને ઊંચાઈ આપે
દીકરી એ ઘરની આબરૂ છે,
દીકરો એ ઘરનો વિશ્વાસ છે
દીકરી નાજુક લાગણીઓની કવિતા છે
દીકરો એ હિંમતભરી વાર્તા છે
દીકરી એ સ્નેહનો સરવાળો છે,
દીકરો એ જવાબદારીનો ઉતારો છે
દીકરી એ પ્રાર્થનાનો સ્વર છે,
દીકરો એ સંકલ્પનો દર છે
દીકરી પરિવારની ખુશીઓનું કારણ છે,
દીકરો એ ખુશીઓનો રક્ષક છે
દીકરી એ પ્રેમનું નિર્મળ ઝરણું છે,
દીકરો ઝરણાને વહેતી રાખનાર નદી છે

દીકરી એ લાગણીઓની દુનિયા છે,
દીકરો એ એ દુનિયાનું રક્ષણ કરનાર છે
દીકરી એ માતા-પિતાના
દિલની ધડકન છે,
દીકરો એ એમનું દિલ છે
દીકરી એ મીઠી યાદોનું ઘર છે,
દીકરો એ યાદોને જીવંત રાખનાર છે
દીકરી એ સંસ્કારની સુગંધ છે,
દીકરો એ સુગંધ ફેલાવનાર છે
દીકરી એ પ્રેમનો આકાશ છે,
દીકરો એ એ ઊડતી આશાનું પંખી છે
કહે કનુ અરિહંત ને..
બને છે અનમોલ રત્ન જેમ મારી આંખો
બન્ને છે મારી ખુશીઓની
મજબૂત પાંખો
બન્ને સાથે જ ઊડાન થાય પૂરી
બન્ને વગર છું હું અધૂરી.

- કનક જયેશ અજાણી
માટુંગા (કોઠારા)
kanakjajani@gmail.com

નૂતન વર્ષાભિનંદન

પ્રકાશ સમીક્ષા હવે વિડીયો મેગેઝીન સ્વરૂપે શરૂ થઈ ગયું છે

KDO KONNEKT
PRAKASH SAMIKSHA

એક શતક એટલે સો વર્ષોથી ક.દ.ઓ. જ્ઞાતિનું લોકપ્રિય મેગેઝીન પ્રકાશ સમીક્ષા સમયની સાથે ચાલતા ચાલતા નવા રૂપરંગ ધારણ કરી રહ્યું છે.

તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬થી પ્રકાશ સમીક્ષા વિડીયો મેગેઝીનનો પ્રારંભ થયો છે. જેને ખૂબ સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે. દર મહિનાની ૧૨મી તારીખ તથા ૨૭મી તારીખ, એમ મહિનામાં બે વાર રજુ થાય છે. સોશીયલ મિડીયાના જમાનામાં પ્રકાશ સમીક્ષા દ્વારા પ્રારંભ થનારા આ નૂતન આયોજનને આપ સૌએ વધાવી લીધું એ બદલ આપનો ખૂબ ખૂબ આભાર. આપના મંતવ્યો આવકાર્ય છે.

પ્રકાશ વિડિઓ મેગેઝિન માટે વિડિઓઝ વોટ્સએપ નં. 98215 35111 ઉપર અથવા ઇમેઇલ આઈડી **kdokonnect@gmail.com** મોકલી શકો છો.

- પ્રકાશ સમીક્ષા સમિતી

રોગથી મુક્તિ મેળવવા કે સદા તંદુરસ્ત રહેવા... (૨)



- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (મુંબઇ), M : 8369077978

પ્રાણાયામ : આપણી માન્યતા છે કે આયુષ્ય હોય તેટલું જીવાય અને જેટલા શ્વાસ લખ્યા હોય તેટલા જ લેવાય. તો આ જ ઉક્તિ અનુસાર જો આપણે પ્રાણાયામની ક્રિયાથી ફાસ્ટ ચાલતા શ્વાસને ધીમા કે ઊંડા કરીશું તો શ્વાસ લેવાની સંખ્યા ઘટશે પરિણામે આયુષ્ય વધશે. પ્રાણાયામથી શરીરને ઓક્સિજન વધુ મળે જે શરીરના દરેક અવયવની ક્રિયાને ગતિશીલ કરે જેથી શરીર તંદુરસ્ત બનશે અને રોગ હોય તો જલ્દી મટશે, પરિણામે જેટલું જીવીશું તે સ્વસ્થ અને સારું જીવીશું. પ્રાણાયામની ક્રિયા સરળ છે અને વૃદ્ધ પણ કરી શકે છે તો દરેકે ઓછામાં ઓછા આ પાંચ પ્રાણાયામ કરી શરીરની તંદુરસ્તી વધારવી. પ્રાણાયામ કરતી વખતે કપડા ઢીલા હોવા જરૂરી, પદ્માસન કે સુખાસન (ખુરશી પર બેસી શકાય) માં બેસી કરોડરજ્જુ સીધી રહે તેમ ટટ્ટાર છતાં શરીર રીલેક્ષ રાખવું. ખુલ્લી જગ્યાએ કે હવાની અવરજવર હોય તેવા રૂમમાં કરવું જેથી વધુ ઓક્સિજન મળે અને પ્રાણાયામનો વધુ ફાયદો મળે.

૧) કપાલભાતિ : સૌ પ્રથમ તો જેને અસ્થમા-દમ છે. હાર્ટનો પ્રોબ્લેમ છે કે બી.પી. વધુ હાઈ રહેતું હોય તેમણે ડોક્ટરને પૂછ્યા બાદ જ કપાલભાતિ કરવું. પ્રથમ અંદર ઊંડો શ્વાસ ભરો અને પેટને અંદર ખેંચતા જોરથી શ્વાસ બહાર કાઢો. પણ આ જોરથી બહાર શ્વાસ કાઢવાની ક્રિયા કરવાની પણ ઝડપથી ન કરતાં ધીરેધીરે કરવી. આ ક્રિયાથી શરીરની સફાઈ થાય છે તેથી ચહેરાની ચમકથી લઈને લીવર, પેનક્રિયાસ, કીડની, પ્રોસ્ટેટ વગેરેની તકલીફ મટે, એલર્જી પણ મટાડે. વેટ લોસ માટે નેચરલ ક્રિયા છે. પેટની ચરબી ઘટે છે. શ્વાસ લઈ ફોર્સફૂલી છોડવાની ક્રિયા ૨૦ વખત કરવાથી શરૂ કરી નિયમિતતાથી કર્યા બાદ ધીરે ધીરે ૫૦ વખત એક સેટ એમ આ સેટ દિવસમાં ૨-૩ વખત કરી શકાય. આ કપાલભાતિ આપણી જમણી સૂર્ય નાડીને સજાગ કરે છે. ડાબી ચંદ્ર નાડીને સજાગ કરવી જરૂરી છે તેથી ફક્ત કપાલભાતિ કરી છોડવું નહિં, અન્ય પ્રાણાયામ કરવા જરૂરી.

૨) કુંભક : કુંભકના બે પ્રકાર, આંતર કુંભક અને બાહ્ય કુંભક, અહીં આપણે આંતર કુંભક વિશે જાણીશું. આ ક્રિયા છે શરીરમાં શ્વાસને રોકવાની. અંદર ઉંડો શ્વાસ ભરો (નાકથી શ્વાસ ભરીશું તેના કરતાં જો મોંથી શ્વાસ ભરીશું તો નાભિ સુધી ઉંડો શ્વાસ ભરાશે, પેટ ફૂલશે) હવે શ્વાસ રોકી રાખો અને પછી મોંને ફૂંક મારવાની સ્થિતિમાં લાવી ધીરે ધીરે શ્વાસ બહાર કાઢો. આ ત્રણે ક્રિયા પાંચ સેકન્ડ શ્વાસ ભરવાનો પાંચ સેકન્ડ શ્વાસ રોકવાનો અને પાંચ સેકન્ડ શ્વાસ ધીરેધીરે બહાર કાઢવાનો આ રીતે બે વખત કરવું. પછી ૨ ઉંડા શ્વાસ લ્યો. કારણ શ્વાસ રોકવાથી લોહીમાં ઓક્સિજન ઘટે કાર્બન ડાયોક્સાઈડ વધે છે જેથી ઓક્સિજનની માત્રા પૂરી પાડવા શરીર વધુ લોહી મગજને પહોંચાડે છે. તેથી ૨ વખત કુંભક કર્યા બાદ ૨ ઉંડા શ્વાસ લેવા જરૂરી છે. કુંભક ક્રિયાનો ખૂબ મોટા ફાયદો આપણા શરીરને મળે છે જે રોગોથી મુક્તિ આપે છે. રસ્તા પર કામ કરતાં મજુરોનું આપણે જમણ જોઈશું તો રોટલા સાથે મરચા અને કાંદો એટલું જ છે, તેમાં કોઈ આરોગ્યવર્ધક ખોરાક નથી છતાં એ મજુરનું આરોગ્ય ખૂબ સારું છે કારણ દરેક ભારે કામ કરતાં તેને શ્વાસ રોકવો પડે છે જેથી તેની વારંવાર કુંભક ક્રિયા થઈ જાય છે. આ દૃષ્ટાંત પરથી કુંભકનો જબરજસ્ત ફાયદો છે તેમ સમજી શકાય છે. કુંભક ક્રિયા પાંચ સેકન્ડ શ્વાસ લેવો, પાંચ સેકન્ડ શ્વાસ રોકવો અને પાંચ સેકન્ડ ધીરેધીરે શ્વાસ બહાર કાઢવો, આ રીતે ૧ મહિનો કર્યા બાદ તેનો સમય વધારી શકાય પણ ધ્યાનમાં રાખવું કે inhale કરતાં exhaleનો સમય વધુ હોવો જોઈએ. જ્યારે inhale કરતા exhaleનો સમય બમણો થશે ત્યારે કુંભકનો આપણને ૧૦ ગણો ફાયદો મળશે. આ કુંભક ક્રિયા હાર્ટના દરદી, દમ-અસ્થમા અને વધુ હાઈ

બી.પી. રહેતું હોય તેમણે ડોક્ટરની સલાહ મુજબ કરવું.

૩) અનુલોમ-વિલોમ : સૌ પ્રથમ હાથની મુદ્રા બનાવો, પ્રથમ બે આંગળીને અંદર હથેળીમાં ફોલ્ડ કરો, અંગુઠા અને અનામિકા-રીંગ ફીંગરથી નસકોરાને વારા ફરતી બંધ કરવાનું છે. જમણા નસકોરાને બંધ કરી શ્વાસ ધીરે ધીરે ભરો જેથી પેટ ફૂલાય હવે જમણા નસકોરાને બંધ કરી ડાબા નસકોરાથી ધીરેધીરે બહાર છોડો. ધ્યાન રાખો ધીરેધીરે શ્વાસ ભરવાના સમયથી ધીરેધીરે બહાર કાઢવાનો સમય વધુ થવો જોઈએ. અનુલોમ-વિલોમથી સ્ટ્રેસ ઓછું થાય, માઈગ્રેનમાં ફાયદો, બી.પી. નોર્મલ થાય, પેટની સમસ્યા મટે, ડાયાબિટીસમાં ખૂબ સારો ફાયદો થાય છે. કારણ તે પેનક્રિયાસને કાર્યશીલ કરે છે. ફેટીલીવર માટે તો વોક કરવું અને સાથે આ પ્રાણાયામ કરવાથી દવાથી પણ વધુ કામ કરશે. અનુલોમ-વિલોમ સાથે જો કુંભક વચ્ચે કરાય તો અતિશય લાભકારી બને.

૪) ભ્રામરી : બી.પી.ના દરદી માટે ખૂબ જ ઉપયોગી રમતવીર જોરથી સોટ મારવા મોંથી એક પ્રકારનો અવાજ કરે છે. ભારે વસ્તુ ખેંચવા 'હૈયા હો હૈયા'નો ધ્વનિ કરે છે. ધ્વનિની શક્તિ શ્વાસની શક્તિ સાથે મળી જાય છે. ભ્રામરી પ્રાણાયામમાં ધ્વનિની શક્તિનો ફાયદો લેવાનો છે. બન્ને કાનને બન્ને અંગૂઠાથી બંધ કરી પ્રથમ આંગળી કપાળ પર રાખી બે આંગળીથી આંખો બંધ કરો. ધીરેધીરે પેટમાં શ્વાસ ભરી ભ્રમર જેવો અવાજ ગળાથી કરતાં કરતાં શ્વાસ બહાર કાઢવાનો છે. આ ધ્વનિ શ્વાસ સાથે મળી આપણા શરીરની બધી નાળીઓને ઉત્તેજીત કરે છે. આ ભ્રામરી પ્રાણાયામ શરીરના દરેક અવયવના કાર્યને વેગ આપે છે, આ ધ્વનિથી જે કંપન ઉઠે છે તે લોહીના ભ્રમણને વ્યવસ્થિત કરે છે, ઉદરપટલની મદદથી શરીરને સરખું ઓક્સિજન મળે છે અને શરીરમાં રહેલ ટોક્સીનને પીગળાવી અને શરીરની બહાર કાઢે છે. આ પ્રાણાયામ ખૂબ સરળ અને સ્વાસ્થ્ય માટે ખૂબ ઉપયોગી છે.

૫) ઉદ્ગીત પ્રાણાયામ (ૐકાર નાદ) : અહીં ૩ સ્વર છે અ, ઉ, મ. પ્રથમ ઉંડો શ્વાસ લઈ મોંથી 'અ'નું ઉચ્ચારણ કરો મોં ને ધીરેધીરે ફૂક મારવાની સ્થિતિમાં લાવી શ્વાસને ધીરેધીરે બહાર કાઢો અહીં 'અ'નું ઉચ્ચારણ આપોઆપ 'ઉ' જેવો નીકળશે હવે મોં બંધ કરી નીકળતો અવાજ હવે 'મ'નો સ્વર ધ્વનિ કાઢશે, આ સર્વ ધ્વનિ બ્રહ્માંડના કેન્દ્ર સાથે આપણને જોડી દેશે, આ ટેન્શન દૂર કરશે જેથી ઉંઘ સારી આવશે, એનર્જી વધશે, પ્રતિકાર શક્તિ વધશે. લૉ બ્લડ પ્રેશર માટે ખૂબ સારું.

આ પાંચે પ્રાણાયામ કરવા ૧૦-૧૫ મિનીટ જ જોઈશે અને આ સર્વ પ્રાણાયામથી પરિણામ ખૂબ સારા મળશે. ફક્ત આ સર્વ માટે પૂરો સમય આપવાનો છે. કારણ કે આપણા પ્રાણને રેગ્યુલર કરવા છે. આ એલોપેથીની ગોળી નથી કે ખાતાવેંત જ ફાયદો થાય. અહીં ઘણા વર્ષોથી પ્રાણનું સમતોલન ખોરવાયું છે તેને ઠીક કરવું છે અને આ સુધારો

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



સ્વ. શ્રીમતી મંજુલાબેન મુકેશ લોડાયા-સાંયરા (જલગાંવ)
ઉ.વ. ૬૯, અ.શ. તા.: ૧.૧૦.૨૬



સ્વ. જીનેશ ધનરાજ મોતા
સુથરી (જલગાંવ)
અ. શ. તા.: ૧૦.૯.૨૦૨૬

આપણા સમાજે બે એવા કર્મઠ, સરળ અને સેવાભાવી વ્યક્તિઓને ગુમાવ્યા છે જેમની ખોટ હંમેશા સમાજ અનુભવશે. તેઓ દરેક ક્ષેત્રમાં હંમેશા આગળ હતા. સમાજનું કોઈપણ કાર્ય હોય ધાર્મિક આયોજન હોય પરમાત્માની ભક્તિ હોય આરાધના હોય કોઈના સુખ-દુઃખમાં સાથે ઉભા રહેવાનું હોય કે ગુરુદેવની વૈયાવચ્ચની સેવા હોય તેઓ દરેક જગ્યાએ પૂરા તન-મન-શ્રદ્ધા અને સમર્પણ સાથે ઉપસ્થિત રહેતા હતા.

મંજુભાભીએ પોતાના જીવનકાળમાં સમાજસેવા કરી અને અંતિમ સમયે પણ ચક્ષુદાન અને દેહદાન કર્યું. મંજુલાબેન દશા-વિશા સમાજ અને મહારાષ્ટ્ર એકમના સભ્ય હતા.

બન્ને પવિત્ર આત્માઓની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના સહ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.

લી. ધનપતી મોમાયા, અશોક પોલડિયા-જલગાંવ

સાંસ્કૃતિક વારસો

આપણો સાંસ્કૃતિક વારસો
પખાવાજ ભાગ - ૧૧

સં. રમેશ મુલજી લોડાયા - ભરૂડીયા (મુલુંડ) મો. ૯૮૨૦૩૩૬૭૬૭



પખાવાજ માત્ર વાદ્ય નથી; તે આપણી ધાર્મિક આસ્થા, ભક્તિ ગાયન અને સાંસ્કૃતિક પરંપરાનો સૂર છે. વડીલ કલાકારોએ વર્ષોની સાધનાથી આ પરંપરા જાળવી છે. હવે આ વારસો નવી પેઢી સુધી પહોંચે તે માટે ગામેગામનાં મંડળો અને યુવાનોનું યોગદાન મહત્વનું છે.

અગાઉના ભાગોમાં કેટલાક કલાકારો અને મંડળોનો ઉલ્લેખ થયો હતો. અહીં અન્ય ગામો તથા શહેરોમાં કાર્યરત મંડળો અને અગાઉ રહી ગયેલ કલાકારોનાં નામોનો સમાવેશ કરીએ છીએ-

ગાંધીધામ અંતરજાળ મંડળ : સાગર મયુર લોડાયા, ભરત નરેન્દ્ર મોમાયા, હિતેન સૂર્યકાન્ત છેડા, વિપુલ જયચંદ છેડા, નિલેશ ઠાકરશી ડાઘા, વિરાજ વિરચંદ મૈશેરી, અનીશ અશોક લોડાયા અને મનીષ પદમશી મોમાયા. સ્વ. મયુર જેઠાભાઈ લોડાયાએ આ મંડળ તૈયાર કર્યું હતું. તેમના અવસાન પછી પણ કલાકારોએ એકતા જાળવી, વીડિયો અને વડીલોના માર્ગદર્શનથી પરંપરા આગળ ધપાવી છે. મયૂરભાઈ તથા તેમના ભાઈ નરેન્દ્રભાઇ (નરેન્દ્ર જીવરાજ મોમાયા) તથા પિતાશ્રી જેઠાભાઈ લખમસી લોડાયા ગામ નલિયાના ખૂબ જ સારા કલાકારો હતા અને ખૂબ જ નામના મેળવેલ. નરેન્દ્રભાઈ મોમાયાએ નલીયામાં કોઈપણ ચાર્જ કે સગવડ વગર દેરાસરજીમાં સેવા આપેલ. પુજા, ભાવના, પખાવાજ કે નાના અનુષ્ઠનો પોતે કરાવતા. આજે ત્રીજી પેઢીએ સાગર મયુર લોડાયાએ અને ભરત નરેન્દ્ર લોડાયાએ આ વારસો જાળવી રાખ્યો છે.

ગોવા મંડળ : ભરત દેવસી દંડ, પરેશ દંડ અને અશોક દંડના પ્રયાસોથી અહીં પખાવાજની પ્રવૃત્તિ ચાલુ છે. સમાજની સંખ્યા ઓછી હોવાથી મીનાબેન નાગડા, વિણાબેન દંડ, લીનાબેન નાગડા, રેખાબેન ધુલ્લા સહિત મહિલાઓને પણ જોડવામાં આવ્યાં છે.

અનંત મિત્ર મંડળ : અરવિંદ લોડાયા (અરિખાણા), રાજેન્દ્ર ડાઘા (વરાડિયા), વિનય લોડાયા (ભરૂડિયા), કિરીટ લોડાયા (બાંડિયા), ફાલ્ગુન ખોના (નલિયા), હરીશ ડાઘા (વરાડિયા), યોગેશ પોલડિયા (બાયઠ), વિપુલ લોડાયા (સાંધવ), ચીમન નાગડા (રાપર) અને પ્રકાશ દંડ (મંજલ) આ મંડળ ૩૨ વર્ષથી સતત સક્રિય છે.

વડોદરા મંડળ : કિશોર લોડાયા (આણંદ), મુલચંદ દંડ (આણંદ), સોમચંદ મોમાયા, ચંદ્રકાંત ખોના, શાંતિલાલ લોડાયા, હિરજીભાઈ નાગડા, પદમ મોમાયા, વર્ધમાન લોડાયા, અનિલ ગાલા.

ભુજ મંડળ : પ્રબોધ મુનવર, કલ્યાણજીભાઈ ડાઘા, લલિત ડાઘા, હીરાચંદ છેડા, દિલીપ મોતા, મુલચંદ મુનવર અને કનિષ્ક દીપક શાહ.

અમદાવાદ મંડળ : હરીશ હીરાચંદ મુનવર, હીરાચંદ નાગશી લાપસિયા, લહેરચંદ પદમશી સાયલા, મુલચંદ લાલજી મોમાયા અને હેમંત લહેરચંદ મોમાયા.

મંજલ રેલડિયાના : મંગલભાઈ લાલકા તથા ગામ લાલાના શ્રી શાંતિલાલ ડુંગરશી મૈસેરી, હંસકુમાર મૈશેરી અને મુકેશ મૈશેરી.

ઈતર જ્ઞાતિના વર્તમાન કલાકારો : જુમ્મા હજુરિયા લંગા (તેરા), દિનેશ મહેતા (કોઠારા), હરિભાઈ મિસ્ત્રી (બાંડિયા), મહેન્દ્રસિંહ સરદારસિંહ તિલાટ (સુથરી), સુભાષ ભોજક અને જવેરચંદ ભોજક (સુથરી), વસંત રતિલાલ ગોર, ચંદ્રકાન્ત પ્રાણજીવ ગોર, કિરીટ રાજગોર, સતુભા સોઢા, મયુર રાજગોર, જીતુ રાજગોર અને કિશોર રતિલાલ ગોર (સાંયરા). તેરા તીર્થમાં ૪૫ વર્ષથી વ્યવસ્થાપક તરીકે સેવા આપતા ગિરીશ દામોદર મલ્લ પણ પખાવાજ-ગાયનમાં સારો રસ ધરાવે છે. .

અગાઉ રહી ગયેલા ભૂતપૂર્વ કલાકારો ટોકરશી આણંદજી લાલકા, મુરજી ખીંયસી મૈશેરી, નવીન દેવજી મોમાયા, નરસી રતનશી મોતા અને લહેરચંદ વેલજી મૈશેરી (લાલા); લક્ષ્મીચંદ ધારશી મોતા (લાખાણિયા); વસંત પીર (બાંયઠ); કિરીટ મુલજી દંડ (મંજલ); તથા ઠાકરશીભાઈ પટેલ, કુંવરજી પત્રામલ, આણંદજી હીરજી, કુંવરજી મોતા અને રતિલાલ લોડાયા (સાંધવ)ને એમના યોગદાન બદલ અત્રે યાદ કરવા યોગ્ય છે.

નાદેડના વેલા પૂજારી, પ્રેમચંદભાઈ, ખીમજી નથુ, હંસરાજભાઈ, પાસુભાઈ, નેણસીભાઈ અને રતનસીભાઈ; તેમજ જૈનેત્તરમાં મોનજીભાઈ, મોરારજી નથુ, લક્ષ્મીચંદ નથુ, ભવાનજીભાઈ, ગિરધરભાઈ દરજી અને મુલશંકર જોશીને યાદ કરીએ છીએ.

આ નામો માત્ર કલાકારોની યાદી નથી; તે આપણી જીવંત સાંસ્કૃતિક મૂડી છે. આ યાદી સંપુર્ણ નથી, હજુ ઘણાં નામી અને અનામી કલાકારોના નામો રહી ગયા હશે. તે સર્વેના યોગદાનની નોંધ લઈએ છીએ. વડીલોની વર્ષોની સાધના, તાલ, ઢાળ, ગાયકી અને ભક્તિભાવ યુવાનો સુધી પહોંચે એ જ આ પુનર્જાગરણનો સાચો હેતુ છે. યુવાનો આ કળા શીખીને આગળ વધે તો પખાવાજનો આ અમૂલ્ય વારસો માત્ર ભૂતકાળની સ્મૃતિ નહીં, પરંતુ ભવિષ્યની જીવંત પરંપરા બની રહેશે.

સર્વેને દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છા

જ્યોતિ
Sarees
Matunga (E)

Kasab-Zik Kasab-Pita-Butkasab
Chaniacholi-Sarees-Borders
Gharchola-Bandhni-Patola

Behind Arora Theatre, Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree (SUNDAY CLOSED)

ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

તા. ૧૫ થી ૧૭-૧૧-૨૬ : અચલગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં કેડીઓ મુંબઈ મહાજન, અનંતનાથ ટ્રસ્ટ અને કેડીઓ ભાંડુપ સંઘ દ્વારા સ્પિરિટ ઓફ અચલગચ્છ, જૈન જી રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા, ભાંડુપ અનંતસિદ્ધિ.

તા. ૧૭.૧૧.૨૦૨૬ : વારાપધરમાં બિરાજમાન લાલકા કુલદેવી શ્રી ચામુંડા માતાજીની પહેડી વારાપધર સ્થાનકે. સંપર્ક ૮૨૩૮૫૦૯૩૫૦, ૯૯૨૦૯ ૪૬૬૬૪, ૯૭૨૭૩ ૨૬૯૪૭.

તા. ૨૨-૧૧-૨૬ : જખૌમાં બિરાજમાન અંબે મા ને નમતા છેડા પરિવાર વતી ગંધી બદલવાનો કાર્યક્રમ સ્થાનિકે.

તા. ૨૩.૧૧.૨૦૨૬ : કોઠારામાં બિરાજમાન મૈશેરી કુળદેવી શ્રી ચામુંડા માતાજી સ્થાનકે ધ્વજારોહણ સવારે ૧૦.૧૫ ક.

તા. ૨૯-૧૧-૨૬ : તેરા, કુઆપધર, લાખણીયા,ધુફી TKLD પરિવાર સાથે નિયાણીઓનું સ્નેહમિલન મુંબઈ માં .

તા. ૩૦-૧૧-૨૬ : પ્રકાશ સમીક્ષા આયોજિત ફેશન શોમાં ભાગ લેવા રજિસ્ટ્રેશન માટે છેલ્લો દિવસ.

તા. ૧૩-૧૨-૨૬ : ક.દ.ઓ.જ્ઞાતિના છેડા ગોત્રના શ્રી અંબામાતાની સમુહ પેડી સારસ્વત વાડી, મુલુંડ .

તા. ૧૩-૧૨-૨૬ : શ્રી મોટી સિંધોડી મહાજન-ટ્રસ્ટ, શ્રી પ્રગતિ મહિલા મંડળ અને શ્રી નેમ યુથ ફોરમ દ્વારા સ્નેહમિલન, મેવાડ કેસરી હોલ, ભાંડુપ.

તા. ૧૮-૨-૨૭ : મુમુક્ષુ રત્ન શ્રી વત્સલ સુનીલભાઈ નાગડા નલિયા - અમદાવાદની દિક્ષા તિથિ. સ્થાન પાલીતાણા.

તા. ૨૫/૨૬-૨-૨૭ : શ્રી મોટી સિંધોડી મહાજન-ટ્રસ્ટ દ્વારા ધ્વજા મહોત્સવ ૨૦૮૩, સ્થાનિકે.

તા. ૨-૩-૨૦૨૭ : મુમુક્ષુ રત્ન શ્રી લાજેશભાઈ શાંતિલાલ ખોના-તેરા (ભાંડુપ) દિક્ષા તિથિ, સ્થાન બેંગ્લોર.

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)


નવા/બદલાયેલા સરનામા/ફોન
(પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

Shri Bipin Bhawanji Momaya (PS-5524)
GF-03, A Block, Arihant White House,
Mahaveer Colony, Kalyan Nagar,
Near Shanti Nagar Church, Bengeri,
Hubballi, KR - 580 023.
M.: 92416 85906.

Smt Purnima Vijay Dharamshi (PS-1584)
A-1301, Saraswati Heights,
S L Road & V P Road Junction,
Mulund (West), MH - 400 080.
M. : 99871 31955.

હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

મરણ નોંધ



સ્વ. મણિલાલ રતનશી નાગડા–નલિયા (મુલુંડ)
જન્મ : ૨૨.૦૪.૧૯૩૭, અવસાન : ૨૫.૧૦.૨૦૨૬,
વય : ૮૯ વર્ષ

પ્રકાશ સમીક્ષાના ભુતપૂર્વ માનદ તંત્રી સ્વ. શ્રી. રાયચંદ (RR) નાગડાના જ્યેષ્ઠ બંધુશ્રી મણિલાલભાઈએ પ્રકાશ સમીક્ષાના વ્યવસ્થાપન કાર્યમાં લગભગ એક દાયકાથી વધુ સમય માટે અવિરત માનદ્ સેવાઓ આપી હતી. એમના આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના સહ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.

પ્રકાશ સમીક્ષા સમિતી

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

વરિષ્ઠ અને પ્રખ્યાત મૂર્તિકાર શ્રી હિરાચંદભાઈ વિકમશીનું નિધન કલા જગતમાંથી એક ઉત્તમ કલાકારની વિદાય સમાન છે. પાંચ દાયકાની તેમની કલાત્મક જીવન સફર દરમ્યાન તેમણે મૂર્તિઓના માધ્યમથી માનવીય સંવેદનાઓ, સામાજિક મુલ્યો અને ઈતિહાસના વારસાને જીવંત બનાવ્યો હતો.

હિરાચંદભાઈને ૧૯૭૬માં તિલક વિદ્યાલય ખામગાંવ તરફથી સુવર્ણપદક, ૧૯૮૧માં રિઝર્વ બેંક ઓફ ઈંડિયા–મુંબઈ તરફથી પ્રથમ પુરસ્કાર, ૧૯૮૯માં રિઝર્વ બેંક ઓફ ઈંડિયા–નાગપુર તરફથી દ્વિતીય પુરસ્કાર તથા ૧૯૯૩માં કચ્છશક્તિ કલારત્ન પુરસ્કાર પ્રાપ્ત થયા હતા.

એમના પાર્થિવ શરીરનું દેહદાન કરી તેમના પરિવારજનોએ માનવસેવાની પરંપરાને નિભાવી છે.

એમના આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના સહ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.

પ્રકાશ સમીક્ષા સમિતી



સ્વ. હિરાચંદ આણંદજી ધારશી વિકમશી
(સુપ્રસિદ્ધ મૂર્તિકાર)
વરાડીયા – (વાયુસેના નગર,નાગપુર)
ઉ.વ. ૮૨
અરિહંતશરણ તા. ૧.૧૧.૨૦૨૬


માનવ સેવા હી પ્રભુ સેવા

REGD. No. F-15249
PAN : AAATM5288L

MANAV JYOT
માનવ જ્યોત
PUBLIC CHARITABLE TRUST

૬૧, યુનિક ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
જૂની જવાહર ટૉકિઝ સામે, ડૉ. આર. પી. રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.
મો.: 91375 14459
ઈમેલ : manavjyot@gmail.com

જીવદયાર્થે નમ્ર અપીલ



આપણાં કચ્છ ગુજરાત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વરસાદના ભારે અભાવથી ઘાસચારા અને પાણીની તંગીને કારણે દુષ્કાળની ગંભીર પરિસ્થિતિમાં, અબોલ પશુધનને બચાવવા જીવદયાનું એક મહત્ત્વપૂર્ણ અભિયાન હાથ ધર્યું છે.

આવી કપરી પરિસ્થિતિમાં આપ સૌ દાતાઓના સાથ-સહકારની અપેક્ષા સેવું છું. એ બધીજ સંસ્થાઓની બેંક વિગત સાથેની માહિતી મોકલી છે. તેમાં ડાયરેક્ટ દાન રૂપે સહયોગ આપી શકો છો.

જેટલું ભંડોળ ''**માનવ જ્યોત**'' મારફત આ ઉમદા હેતુ માટે મળશે તે ત્યાંની પશુ-સંખ્યા પ્રમાણે કંઈક ઉમેરી, માનવ જ્યોત એ સંસ્થાઓને બેંક ટ્રાન્સફર દ્વારા મોકલી આપશે.

આ જાહેર ખબર છપાય તે મેગેઝિનની તારીખથી બરાબર એક માસ બાદ આ યોજના બંધ થશે. આ ઉમદા કાર્ય માટે શુભકામનાઓ પાઠવું છું.

માનવ જ્યોતની બેંક ડીટેલ

Name : Manav Jyot
Bank Name : Bank of Baroda
Branch : M.G. Road Branch
A/c. No. : 99630 200000 930
IFSC Code : BARB0DBMULW
Fifth Character is Zero

લી. આપનો વિશ્વાસુ,
માનવ જ્યોત વતી,
જીવદયા પ્રેમી - સામાજિક કાર્યકર
CA કુલીનકાંત ચાંપશી લુહીયા
98200 39469

A : જખૌ

1

નામ : Jakhau Panjarapole Trust, Jakhau
ગામ : જખૌ
સરનામું : મુ. જખૌ, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૦.
બેંકની વિગત :
Bank Name : Bank of Baroda
Bank Brach : Mulund (West)
A/c No. : 99630 1000 21234
IFSC Code : BARB0DBMULW
સંપર્ક : શ્રી ભરત મૈશેરી - 98200 58048 (R)
97240 49465 (O)
E-mail : jptrustoffice@gmail.com

B : કોઠારા

2

નામ : Sri Kothara Panjrapole Trust
ગામ : કોઠારા
સરનામું : મુ. કોઠારા, તા. અબડાસા, કચ્છ.
બેંકની વિગત :
Bank Name : Bank of Baroda
Bank Brach : Kothara
A/c No. : 99730 1000 10013
IFSC Code : BARB0DBKTHR
સંપર્ક : શ્રી વીરચંદ ચાંપશી - 98200 82475
શ્રી રાયચંદ શીવજી લોડાયા - 98211 31206
શ્રી નલીન અજાણી - 98200 43645

C : નલીયા 3

નામ : Panjrapole Gaushala Charitable Trust

ગામ : નલીયા

સરનામું : ધર્મશાળા ફળીયું, નલીયા,
તા. અબડાસા - ૩૭૦ ૬૫૫.

બેંકની વિગત :

1) Bank Name : Bank of Baroda
Bank Brach : Naliya
A/c No. : 41780 1000 11297
IFSC Code : BARB0NALIYA
2) Bank Name : Punjab National Bank
Bank Brach : Mulund
A/c No. : 17010 100 1706
IFSC Code : PUNB0122620

સંપર્ક : શ્રી મુલચંદ પદમશી મોતા - 98462 14203

D : રાપર ગઢવારી 4

નામ : Abdasa Kuchchh Gaushala Trust

ગામ : રાપર ગઢવારી

સરનામું : મુ. રાપર ગઢવારી, તા. અબડાસા -

બેંકની વિગત :

Bank Name : ICICI Bank
Bank Brach : Naliya Kachchh
A/c No. : 17010 100 1286
IFSC Code : ICIC000 1701

સંપર્ક :

શ્રી વીપુલ શીવજી લોડાયા (કચ્છ) - 99795 23997
શ્રી કલ્પેશ મોતા (મુંબઈ) - 93212 30802
99208 25050

E : સુથરી 5

નામ : Shree Suthri Panjrapole

ગામ : સુથરી

સરનામું : મુ. સુથરી, અબડાસા, કચ્છ.

બેંકની વિગત :

1) Bank Name : Bank of Baroda
Bank Brach : Kalina
A/c No. : 99460 10000 3798
IFSC Code : BARB0DBKALI

સંપર્ક : શ્રી વર્ધમાન લોડાયા - 98335 85280
શ્રી જીગ્નેશ છેડા - 97262 13827

F : તેરા 6

નામ : Tera Panjrapole Trust

ગામ : તેરા

સરનામું : મુ. તેરા, અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૬૦.

બેંકની વિગત :

Bank Name : State Bank of India
Bank Brach : Naliya
A/c No. : 109337 90470
IFSC Code : SBIN0000438

સંપર્ક :

શ્રી ગીરીશ દામોદર માહેશ્વરી - 94262 65232

	જખૌ	કોઠારા	નલીયા	રાપર ગઢવારી	સુથરી	તેરા
CSR	000 10769	-	0000 6373	-	000 70484	000 48173
PAN	AAATS 990SN	AABTS 0473L	AABTS 0390Q	AABTA 7039 A	AABTS 6908E	AAATT 2174L
કુલ પશુ	319	300	280	955	259	186
80 (G)	છે	છે	છે	છે	છે	છે
	A	B	C	D	E	F

લિ. માનવ જ્યોત વતી,

શ્રી અતુલ શામજી સતરા
(ટ્રસ્ટી)
મો.: 98202 54020

CA કુલીનકાંત ચાંપશી લુઠીયા
(જીવદયા પ્રેમી - સામાજિક કાર્યકર)
મો.: 98200 39469

શ્રી મહાવીરાય નમઃ

શ્રી આદેશ્વર દાદાએ નમઃ

બાયઠ કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન ટ્રસ્ટ

ગામ-બાયઠ, તા.-માંડવી, જી- કચ્છ, ગુજરાત રાજ્ય પીન - ૩૭૦ ૪૭૫

વાર્ષિક સામાન્ય સભાનું પરિપત્ર

બાયઠવાસી ક.દ.ઓ. જૈન પરિવારો જોગ

આદરણીય સભ્યશ્રીઓ,

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા (સંયુક્ત સામાન્ય સભા) તા. ૧૫-૧૧-૨૦૨૬ ને રવિવારના સવારે ૧૦.૦૦ કલાકે ગોપુરમ બેંકવેટ હોલ, ડૉ રાજેન્દ્રપ્રસાદ રોડ, જ્ઞાન સરીતા સ્કુલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦ મધે રાખવામાં આવેલ છે. તો સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી છે. નીચે દર્શાવેલ કાર્યસુચી (એજન્ડા) મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

એજન્ડા (કાર્યસુચી)

૧.ગત મિટીંગની મીનીટ્સનું વાંચન અને બહાલી. ૨. બન્ને ટ્રસ્ટ બોર્ડના ઓડિટ અહેવાલ અને ઓડિટ કરાયેલા નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના નાણાકીય નિવેદનોની મંજૂરી. (approval of Audited Account statements and Balance Sheet for the FY 2025-26). ૩. બન્ને ટ્રસ્ટ બોર્ડની ચુંટણી બાબત. ૪. દેરાસરજીની ઘૃત ઉછામણીઓ અને બાકી રહેતી રકમ વસુલ કરવા બાબત ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવા. ૫. આવતા વર્ષે આપણા શ્રી મહાવીર સ્વામી જિનાલયની ૭૬મી ધ્વજા આરોહણ માટે તા. ૧૩-૦૨-૨૦૨૭ થી તા. ૧૫-૦૨-૨૦૨૭ સુધી ધ્વજા મહોત્સવની કાર્યવાહી નક્કી કરી ઉછામણીઓ કરવી. ૬. વાર્ષિક ચડાવાઓ (જેમકે પુષ્પ, ઘૃત, ધૂપ, અંગલૂંછના, વગેરે)ની ઉછામણી કરવા બાબત. ૭. અતિથિગૃહ અને ભોજનાલયના નિભાવ બાબત રજુઆત કરી ચર્ચાવિચારણા કરવી. ૮. પ્રમુખશ્રીની મંજુરીથી કે એમના દ્વારા અન્ય જે કાંઈ રજુઆત થાય તે. ૯. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક પછી તેજ સ્થળે મળશે જેમાં કોરમનો બાધ રહેશે નહીં.

એજ લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટના ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર.

તા. ૨૦-૧૦-૨૦૨૬

સ્નેહ મીલન સમારંભ

બાયઠવાસી જૈન પરિવારો જોગ

માનનીય ગામાઈ જૈન પરિવારો તથા આપણી જૈન નિયાણી બહેનોના પરિવારો જોગ, તા. ૧૫-૧૧-૨૦૨૬ ના સવારે ૧૧.૩૦ કલાકે ગોપુરમ બેંકવેટ હોલ, ડૉ રાજેન્દ્રપ્રસાદ રોડ, જ્ઞાન સરીતા સ્કુલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦ મધે યોજાનાર બાયઠ જૈન સંઘના સ્નેહ મિલનમાં આપ સૌને પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવતા અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

ઉપરોક્ત સ્નેહ મિલનમાં બાયઠના ક.દ.ઓ. તથા ક.વી.ઓ. પરિવારો બંને સમાજની નિયાણીઓ સહિત સહકુટુંબ ભાગ લઈ શકશે. નિયાણી બહેનોને પણ સહકુટુંબ પધારવાનું ભાવભર્યું આમંત્રણ આ પરિપત્ર દ્વારા પાઠવીએ છીએ.

સ્નેહમિલનમાં આપણા મહાવીર સ્વામી જિનાલયની ૭૬મી ધ્વજા નિમીત્તે ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. તે ધ્વજા મહોત્સવની ઉછામણીઓ તથા વાર્ષિક ચડાવાઓની ઉછામણી તે સમયે કરવામાં આવશે. ઉછામણીઓમાં બંને જૈન સમાજના ભાઈઓ તથા નિયાણી બહેનો હર્ષભેર ભાગ લઈ શકશે.

બાયઠ ગામના જૈન ભાઈ બહેનોએ ગત્ પર્યુષણ પર્વ દરમિયાન અઠ્ઠાઈ કે તેનાથી વધુ તપસ્યા કરેલ એવા તપસ્વીઓનું બહુમાન કરવામાં આવશે. તેમજ બાયઠ ગામના ધોરણ ૧૦ કે તેથી વધારે અભ્યાસમાં પાસ થયેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે તેમજ કોઈ વિશિષ્ટ પરીક્ષામાં પાસ થયેલ કે વિશિષ્ટ ઉપાધી પ્રાપ્ત કરેલ વ્યક્તિનું સન્માન કરવામાં આવશે.

ઉપરોક્ત બહુમાન / સન્માન માટે તા ૧૨-૧૧-૨૦૨૬ સુધીમાં નામો નીચે જણાવેલ ટ્રસ્ટીઓને સંપર્ક કરી જણાવવા વીનંતી.

બપોરે ૧-૦૦ થી ૨-૦૦ સાધર્મિક ભક્તિનો લાભ લેશું. તો આપ સૌ ગામાઈ પરિવારો તથા નિયાણી પરિવારોને સહકુટુંબ સમયસર પધારશો એવી નમ્ર વિનંતી.

એજ લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ, તથા

બાયઠ જૈન સંઘના જય જિનેન્દ્ર

સંપર્ક : નરેન્દ્ર પટેલ - 93216 01848

જગદીશ દંડ - 98207 75677

નવિન ધુલ્લા - 91373 51355

તા. ક. સ્નેહમિલનમાં થનાર ખર્ચમાં આપ સૌ ચડતા ભાવે યથાયોગ્ય ફાળો લખાવશો એવી નમ્ર વિનંતી.

(નિયાણી બહેનો ને આ ફાળો લખાવવાનું નથી)

શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમ



શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન કચ્છ એકમ દ્વારા સંસ્થાના અધ્યક્ષ શ્રી મહેશભાઇ લાલકા, પ્રબોધ મુનવર, અરવિંદ લોડાયા, કેતન લોડાયા, મીતેશ મોતા, જીગર મૈશેરી, પ્રિતિબેન મોમાયા, જયાબેન મુનવરના અતિથિવિશેષ પદે ભુજ-માંડવી-અબડાસા વિસ્તારનાં વાર્ષિક પરીક્ષામાં ઉતીર્ણ થયેલ સમાજનાં તેજસ્વી તારલાઓનો સરસ્વતી સન્માન સમારોહ એકમ ભવન ભુજ મધ્યે યોજાયો હતો.

કચ્છ એકમના શ્રી પ્રબોધ મુનવરે સ્વાગત પ્રવચન કરી સંસ્થાની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી તેમજ સમાજનાં તેજસ્વી તારલાઓની સિદ્ધિઓને બિરદાવી હતી. પ્રિતિબેન મોમાયાએ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવી પ્રગતિનાં શિખરો સર કરવા પ્રેરણા આપી હતી. સોશિયલ મીડીયાના જમાનામાં બાળકોએ મોબાઇલમાં સમય વેડફવાને બદલે વાંચન, રમતગમત અને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં રસ કેળવવો જોઈએ એવું જણાવી સરસ્વતી સન્માન કાર્યક્રમની સરાહના કરી હતી.

કાર્યક્રમનું સંચાલન હીરાચંદ છેડા તથા અમીતા જૈન, તુષાર જૈને કર્યું હતું. વ્યવસ્થામાં મહેન્દ્ર લોડાયા, હરિશ લોડાયા, દિલીપ મોતા તથા કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન-ભુજ



મહાજન દ્વારા મહાકાળી માતાજીની ભાવના તથા તપસ્વીઓનાં બહુમાનનો કાર્યક્રમ એકમ ભવન ભુજ મધ્યે યોજાયો હતો.

મહાકાળી માતાજીની ભાવના શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહિલા મંડળ ભુજ દ્વારા યોજાઇ હતી. ભાવનામાં જયાબેન મુનવર, ગીતાબેન લોડાયા, અમીતા જૈન, હર્ષા શાહ, લલીત ડાઘા, માલતીબેન ડાઘાએ ભારે રમઝટ જમાવી હતી. હીરાચંદ છેડા, કનિષ્ક શાહે ઢોલ વગાડી સંગીત રસ પીરસ્યો હતો.

પર્યુષણ મહાપર્વે ૧૬ ઉપવાસ, ૮ ઉપવાસ તથા વર્ષિતપ, સિદ્ધિતપ કરેલ તપસ્વી ભાઇ-બહેનોનું શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજનશ્રી ભુજ દ્વારા બહુમાન કરવામાં આવેલ. પ્રબોધ મુનવર, પ્રિતિબેન મોમાયાએ પ્રાસંગિક ઉદબોધન કરી તપસ્વીઓનાં તપની અનુમોદના કરી હતી. દાતા પરિવારોનું સન્માન કરવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે કરેલ. આભારવિધિ દીલીપભાઇ મોતાએ કરેલ. વ્યવસ્થા હરીશ લોડાયા, હિરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા, તુષાર જૈન, રાહુલ દંડ, નિરવ મોતા, ફેનીલ લોડાયા તથા કાર્યકરોએ સંભાળી હતી.

શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ ભુજ દ્વારા મંડળનાં સભ્યોને ગીફ્ટ અર્પણ કરવામાં આવેલ. જયાબેન મુનવર, જીનાલી મુનવર, નિશાબેન ખોના, અમિતા જૈન, લીલાવંતીબેન છેડાએ મંડળના સભ્યોની અનુમોદના કરેલ.

શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ -ડોંબીવલી



પર્યુષણ મહાપર્વની પૂર્ણાહુતિ બાદ મુંબઈમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન પૂજ્ય આચાર્ય ભગવંતો, ગણીવર્યશ્રીઓ તથા સાધ્વીજી ભગવંતોનાં દર્શન - વંદન કરી એમના પાવન આશીર્વાદ પ્રાપ્ત કરવા તેમજ પંચતીર્થી જિનાલયોનાં દર્શન કરવા શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબીવલી દ્વારા તા. ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ રોજ ગુરુવંદના સહ ચૈત્યપરિપાટી યાત્રાનું ભાવભર્યું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૪૨ યાત્રિકો જોડાયા હતા.

શ્રી સુમતિનાથ જિનાલય મુલુંડમાં પ્રભુજીનાં દર્શન - પૂજા કર્યા તથા ચાતુર્માસે બિરાજમાન પ્રવર્તિની મહત્તરા સાધ્વીમુખ્યાશ્રી પ.પૂ.સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા.નાં દર્શન - વંદન કરી એમની પાવન વાણીનું શ્રવણ કર્યું.

શ્રી આદિનાથ જિનાલય -ભાંડુપ સ્થિત શ્રી આદિનાથ જિનાલયે દર્શન અને ચૈત્ય વંદન કરી અહીં ચાતુર્માસે બિરાજમાન સાહિત્યદિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.નાં દર્શન - વંદન કરી એમની અમૃતમય વાણીનુ રસપાન કર્યું.

શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જિનાલય-માટુંગા સ્થિત શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જિનાલયે પહોંચીને દર્શન ચૈત્ય વંદન કરી યાત્રિકોએ ચાતુર્માસે બિરાજમાન પ.પૂ. ગણીવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.નાં દર્શન - વંદન કરી ગુરુવાણીનો લાભ લીધો હતો.

શ્રી જીરાવલા પાર્શ્વનાથ જિનાલય-ઘાટકોપર સ્થિત શ્રી જીરાવલા પાર્શ્વનાથ જિનાલયે ચાતુર્માસે બિરાજમાન પ.પૂ. સાધ્વીજી શ્રી દિવ્યપૂર્ણાશ્રીજી મ.સા.નાં ભાવપૂર્વક દર્શન - વંદન કરી એમની પાવન વાણી શ્રવણ કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો.

શ્રી મુનિવ્રત જિનાલય-નવી મુંબઈ સ્થિત શ્રી મુનિવ્રત જિનાલય પહોંચીને દર્શન કરી યાત્રિકોએ ચાતુર્માસે બિરાજમાન પ.પૂ. સાધ્વીજી શ્રી જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા.નાં દર્શન - વંદન કરી એમની પાવન વાણી તથા આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

શ્રી ઋષભદેવ જિનાલય-સાનપાડા સ્થિત શ્રી ઋષભદેવ જિનાલયમાં પ્રભુજીનાં દર્શન - વંદન કર્યા બાદ શ્રી ભૂપેન્દ્રભાઈ કસ્તૂરી દંડ - લાખાણીયા, સ્થાનિક શ્રી સંઘ દ્વારા તમામ યાત્રિકોનું ઉષ્માભર્યું સ્વાગત અને બહુમાન કરવામાં આવ્યું હતું.

ડૉ. પ્રીત ખોના (ગદગ)ને એવોર્ડ



ગદગમાં તાલુકા આરોગ્ય અધિકારી તરીકે કાર્યરત ડૉ. પ્રીત ખોનાને કર્ણાટક રાજ્યોત્સવ પ્રસંગે ડીસ્ટ્રીક્ટ એડમિનીસ્ટ્રેશન એપ્રીસીએશન એવોર્ડ આપવામાં આવ્યો હતો.

This Award was presented as one of the Health and Wellness centres under his Primary Health Centre has been National Certified under NQAS (National Quality Assurance Standards) by Govt of India.

કોઠારા જૈન ભોજનશાળા રોડ

સાંસદ વિનોદભાઈ ચાવડાએ નાયબ કાર્ય પાલક ઈજનેર, નલીયાને પત્ર લખી આપણી ભોજનશાળાને જોડતા રોડને આર.સી.સી. અથવા તો ઈન્ટરલોક પદ્ધતિથી મજબુત કરવાની ભલામણ કરી છે.

ચાવડાજીએ પત્રમાં જણાવ્યું છે કે કોઠારા જિનાલય ૧૬૫ વર્ષથી વધુ પુરાતન છે. જ્યાં મુખ્યત્વે દેશ-વિદેશ અને કવચિત અન્ય યાત્રાળુ પણ જિનાલયના દર્શને મોટી સંખ્યામાં પધારે છે. અહીં સુંદર ભોજનશાળા છે. તેને જોડતો માર્ગ કાચો હોઈ અવારનવાર યાત્રાળુઓને તકલીફ થતી હોઈ સત્વરે મજબુત બનાવવાની પ્રક્રિયા હાથ ધરે.

